ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

શુક્રવાર ૨૬ એપ્રિલ, ૨૦૨૪

વિકેટ લીધા પછી આક્રમક ઉજવણી બદલ રસિક સલામને ઠપકો

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઇ) : દિલ્હી કેપિટલ્સના ઝડપી બોલર રસિક સલામ ડારને ગુજરાત ટાઇટન્સ સામેની ઇન્ડિયન પ્રીમિયર લીગ મેચમાં વિકેટ લીધા બાદ આક્રમક ઉજવણી કરવા બદલ ઠપકો આપવામાં આવ્યો છે. બુધવારે અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં દિલ્હીએ ચાર રને જીત મેળવી હતી. આ દરમિયાન રસિક સામે આઇપીએલ આચાર સંહિતાની કલમ 2.5 ના લેવલ 1 ના ગુના માટે દોષિત ઠર્યો હતો, જે અન્ય ખેલાડીને ઉશ્કેરવાની સંભાવના ધરાવતી ભાષા અથવા ક્રિયાઓ અથવા હાવભાવના ઉપયોગથી સંબંધિત છે.

ગુકેશનું ચેન્નાઇ પહોંચતા ભવ્ય સ્વાગત કરાયું

■ ટોરોન્ટોમાં કેન્ડિડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચનાર યુવા ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશનું ચેન્નાઇમાં આગમન થતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુકેશની શાળા, વેલમ્મલ વિદ્યાલયના સેંકડો વિદ્યાર્થીઓ તેની ફ્લાઇટના આગમનના એક કલાક પહેલા એરપોર્ટ પર કતારમાં ઉભા હતા. તેમના સિવાય મોટી સંખ્યામાં ચાહકો પણ હાજર હતા. સત્તર વર્ષનો ગુકેશ મોડી રાત્રે 3 વાગ્યે બહાર આવ્યો અને ટોળાએ તેને ઘેરી લીધો. તેને ફૂલોના હાર પહેરાવવામાં આવ્યા હતા અને તેને સલામત રીતે બહાર લાવવા માટે પોલીસે ઘણા પ્રયત્નો કરવા પડ્યા હતા.

ટી-20 વર્લ્ડકપ : હાર્દિક પંડ્યાનું ફોર્મ ચિંતાનું કારણ

ટીમમાં બીજા વિકેટકીપર તરીકે કેએલ રાહુલ અને સંજૂ સેમસન વચ્ચે સ્પર્ધા, જેમાં રાહુલનો હાથ ઉપર

વધારાના બોલર તરીકેની રેસમાં અવેશ ખાન રવિ બિશ્નોઈ અને અક્ષર પટેલ વચ્ચે દેખાતી સીધી સ્પર્ધા

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઇ) : અમેરિકા અને વેસ્ટઇન્ડિઝની સંયુક્ત યજમાનીમાં જૂનમાં રમાનારા ટી-20 વર્લ્ડકપ માટે ભારતની 15 સભ્યોની ટીમની જાહેરાત આ મહિનાના અંતમાં થઈ શકે છે, જો કે પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટ માટે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાનું ખરાબ ફોર્મ ચિંતાનું કારણ બની રહ્યું છે. ટીમમાં બીજા વિકેટકીપરના સ્થાન માટે કેએલ રાહુલ અને સંજુ સેમસન વચ્ચે સીધી સ્પર્ધા છે જેમાં રાહુલનો હાથ ઉપર હોવાનું કહેવાય છે.

વર્લ્ડકપ માટે ટીમની પસંદગી કરતી વખતે વધારાના બોલરને લઈને પણ દ્વિધા ઊભી થશે. વેસ્ટ ઈન્ડિઝની ધીમી પીચોને ધ્યાનમાં લઈ ઝડપી બોલર અવેશ ખાનની પસંદગી થાય છે કે લેગ સ્પિનર રવિ બિશ્નોઈ કે ઓલરાઉન્ડર અક્ષર પટેલની પસંદગી કરવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું. એવું માનવામાં આવે છે કે કેપ્ટન રોહિત શર્મા પસંદગી સમિતિના વડા અજીત અગરકરને ટૂંકમાં મળી શકે છે. આઇસીસીએ ટીમની પ સંદગી માટે 1 મેની સમયમર્યાદા આપી છે. બીસીસીઆઈ આ સપ્તાહના અંતમાં અથવા આવતા સપ્તાહની શરૂઆતમાં ટીમની જાહેરાત કરી શકે છે.

હાર્દિક કે મુંબઈ ઈન્ડિયન્સ માટે આઈપીએલની આઠ મેચમાં માત્ર 17 ઓવર ફેંકી છે. સાથે જ આ આઈપીએલમાં અત્યાર સુધી તે માત્ર સાત છગ્ગા મારી શક્યો છે અને તેની બેટમાંથી માત્ર 150 રન આવ્યા છે, જેમાં તેનો સ્ટ્રાઈક રેટ 142 રહ્યો છે. જો કે, પંડ્યા સિવાય કોઈ વિકલ્પ ઉપલબ્ધ નથી કારણ કે કૌશલ્ય અને ઝડપની બાબતમાં દુબે ક્યાંય પણ પંડ્યાની બરાબરીમાં નથી પરંતુ બેટિંગમાં તે શાનદાર ફોર્મમાં છે જેને અવગણી શકાય નહીં. આઈપીએલમાં 161ના સ્ટ્રાઈક રેટથી 342 રન બનાવનાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતે પોતાનું સ્થાન નિશ્ચિત કરી દીધું છે. બીજા વિકેટકીપર માટે કેએલ રાહુલ 141 સ્ટ્રાઈક રેટથી 302 રન અને સંજુ સેમસન 152 સ્ટ્રાઈક રેટથી 314 રન વચ્ચે મુકાબલો છે.

બોલરોમાં જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, મહંમદ સિરાજ, રવિન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવનું સ્થાન લગભગ નિશ્ચિત છે. જોકે, બુમરાહ અને કુલદીપ સિવાય અન્ય બોલરો આઈપીએલમાં ફોર્મમાં નથી, તેથી વધારાના બોલરનો વિકલ્પ મહત્વપૂર્ણ રહેશે. રાજસ્થાન રોયલ્સના ઝડપી બોલર અવેશ, દિલ્હી કેપિટલ્સના સ્પીનર અક્ષર અને લખનૌ સુપર જાયન્ટ્સના લેગ સ્પિનર બિશ્નોઈ વચ્ચે સ્પર્ધા છે. અવેશે લગભગ નવના ઈકોનોમી રેટથી આઠ વિકેટ લીધી છે જ્યારે બિશ્નોઈએ નવના ઈકોનોમી રેટથી પાંચ વિકેટ લીધી છે. અક્ષરે સાત વિકેટ લીધી છે અને તેનો ઈકોનોમી રેટ સાતની આસપાસ રહ્યો છે. તે 132ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરીને રન પણ બનાવી રહ્યો છે.

આરસીબીએ સનરાઈઝર્સને તેના હોમ ગ્રાઉન્ડ પર હરાવ્યું

કોહલી અને પાટીદાર વચ્ચેની ભાગીદારી તેમજ ગ્રીનની ઇનિંગથી આરસીબીએ 7 વિકેટે 206 રન બનાવ્યા

ટોપ ઓર્ડર ફેલ ગયા પછી સનરાઇઝર્સ હૈદરાબાદ શાહબાઝની ઇનિંગની મદદથી 8 વિકેટે 171 રન સુધી જ પહોંચ્યું



હૈદરાબાદ, તા. 25 (પીટીઆઇ) : આઇપીએલમાં આજે ગુરૂવારે રમાયેલી મેચમાં રજત પાટીદારની વિસ્ફોટક અને વિરાટ કોહલીની સંયમિત અડધી સદી ઉપરાંત કેમરન ગ્રીનની ઈનિંગની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)એ 7 વિકેટે 206 રન બનાવીને મૂકેલા 207 રનના લક્ષ્યાંક સામે સનરાઇઝર્સ હૈદરાબાદનું ટોપ ઓર્ડર ફેલ રહ્યા પછી શાહબાઝ અહેમદની 40 રનની નોટઆઉટ ઈનિંગની મદદથી 8 વિકેટે 171 રન બનાવ્યા હતા અને આરસીબીએ સનરાઇઝર્સને તેમના હોમ ગ્રાઉન્ડ પર 35 રને હરાવીને બદલો વાળ્યો હતો.

લક્ષ્યાંક કબજે કરવા ઉતરેલી સનરાઇઝર્સ હૈદરાબાદના ઓપનરો ચોથી ઓવરમાં 37 રનના સ્કોર સુધીમાં પેવેલિયન ભેગા થયા હતા અને તે પછી તેમણે 8મી ઓવર સુધીમાં 69 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. શાહબાઝ અહેમદે સૌથી વધુ 40 રન બનાવ્યા હતા અને પેટ કમિન્સ તેમજ અભિષેક શર્માએ 31-31 રન કર્યા હતા. તેમનો એકપણ બેટ્સમેન અર્ધસદી ફટકારી શક્યો નહોતો.

ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય કરનાર આરસીબીને કોહલી અને ફાફ ડુ પ્લેસિએ આક્રમક બેટિંગ કરી અને ઝડપથી રન બનાવ્યા હતા અને તેના કારણે સનરાઇઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સે તેની પહેલી જ ઓવરમાં 19 રન આપ્યા હતા. આરસીબીએ પ્રથમ 18 બોલમાં કોઈ નુકશાન વિના 43 રન બનાવ્યા હતા પરંતુ પાવરપ્લેમાં એક વિકેટ ગુમાવ્યા બાદ પણ તે માત્ર 61 રન જ બનાવી શકી હતી. પાવરપ્લે બાદ સ્પિનરો બેટ્સમેનો પર દબાણ બનાવવામાં સફળ રહ્યા હતા. 65 રને બીજી વિકેટ ગુમાવ્યા પછી કોહલી સાથે પાટીદાર જોડાયો હતો અને તેણે 20 બોલમાં 5 છગ્ગા અને 2 ચોગ્ગાની મદદથી 50 રન કરવા ઉપરાંત 43 બોલમાં 51 રન કરનારા કોહલી સાથે 65 રનની ભાગીદારીમાં સૌથી વધુ રન બનાવ્યા હતા. કોહલીનું ધ્યાન તેના સાથી ખેલાડીને સ્ટ્રાઈક આપવા પર હતું. ગ્રીને 20 બોલમાં નોટઆઉટ 37 અને સ્વપ્નિલ સિંહે 6 બોલમાં 12 રન કરીને અંતિમ ઓવરોમાં ઝડપી રન બનાવી આરસીબીને 200 રનની પાર પહોંચાડી હતી.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર	રન	બોલ	4	6
કોહલી કો.સમદ બો.ઉનડકટ	51	43	4	1
ડુ પ્લેસિ કો.માર્કરમ બો.નટરાજન	25	12	3	1
જેક્સ બો.માર્કંડે	6	9	0	0
પાટીદાર કો.સમદ બો.ઉનડકટ	50	20	2	5
ગ્રીન નોટઆઉટ	37	20	5	0
લોમરોર કો.કમિન્સ બો.ઉનડકટ	7	4	1	0
કાર્તિક કો.સમદ બો.કમિન્સ	11	6	2	0
સ્વપ્નીલ કો.અભિષેક બો.નટરાજન	12	6	1	1
વધારાના	7			
કુલ (20 ઓવર્સમાં 7 વિકેટે)	206			

વિકેટપતન : 1/48, 2/65, 3/130, 4/140, 5/161, 6/193, 7/206

બોલિંગ	O	M	R	W
અભિષેક શર્મા	1	0	10	0
ભુવનેશ્વર કુમાર	1	0	14	0
પેટ કમિન્સ	4	0	55	1
ટી નટરાજન	4	0	39	2
શાહબાઝ અહેમદ	3	0	14	0
મયંક માર્કંડે	3	0	42	1
જયદેવ ઉનડકટ	4	0	30	3

સનરાઇઝર્સ હૈદરાબાદ	રન	બોલ	4	6
અભિષેક કો.કાર્તિક બો.યશ	31	13	3	2
હેડ કો.કર્ણ બો.જેક્સ	1	3	0	0
માર્કરમ lbw બો.સ્વપ્નીલ	7	8	1	0
નિતિશ બો.કર્ણ	13	13	0	1
ક્લાસેન કો.ગ્રીન બો.સ્વપ્નીલ	7	3	0	1
શાહબાઝ નોટઆઉટ	40	37	1	1
સમદ કો.એન્ડબો.કર્ણ	10	6	0	1
કમિન્સ કો.સિરાજ બો.ગ્રીન	31	15	1	3
ભુવનેશ્વર કો.સિરાજ બો.ગ્રીન	13	13	3	0
જયદેવ નોટઆઉટ	8	10	1	0
વધારાના	10			
કુલ (20 ઓવર્સમાં 8 વિકેટે)	171			

વિકેટપતન : 1/3, 2/37, 3/41, 4/56, 5/69, 6/85, 7/124, 8/141

બોલિંગ	O	M	R	W
વિલ જેક્સ	2	0	23	1
મહંમદ સિરાજ	4	0	20	0
યશ દયાલ	3	0	18	1
સ્વપ્નીલ સિંહ	3	0	40	2
કર્ણ શર્મા	4	0	29	2
લોકી ફર્ગ્યુસન	2	0	28	0
કેમરન ગ્રીન	2	0	12	2

આઇપીએલ પોઇન્ટ ટેબલ

ક્રમ	ટીમ	મેચ	જીત	હાર	પોઇન્ટ	રનરેટ
1	આરઆર	8	7	1	14	0.698
2	કેકેઆર	7	5	2	10	1.206
3	એસઆરએચ	8	5	3	10	0.577
4	એલએસજી	8	5	3	10	0.148
5	સીએસકે	8	4	4	8	0.415
6	ડીસી	9	4	5	8	-0.386
7	જીટી	9	4	5	8	-0.974
8	એમઆઇ	8	3	5	6	-0.277
9	પીબીકેએસ	8	2	6	4	-0.292
10	આરસીબી	9	2	7	4	-0.721

એમ્બાપ્પેના બે ગોલથી પીએસજીએ લોરિઅન્ટને હરાવ્યું પણ મોનાકોની જીતે તેમને નિરાશ કર્યા

પીએસજી હવે શનિવારે લે હાવરે સામે રમાનારી મેચમાં તેનું વિક્રમી 12મું ફ્રેન્ચ લીગ ટાઇટલ જીતી શકે છે

લોરિએન્ટ, તા. 25 (એપી) : પેરિસ સેન્ટ-જર્મેને ફ્રેન્ચ લીગ ટાઇટલ જીતવા માટે ઓછામાં ઓછા થોડા દિવસો રાહ જોવી પડશે. બુધવારે અહીં લોરિએન્ટ સામે કિલિયન એમ્બાપ્પેએ કરેલા બે ગોલની મદદથી પીએસજીએ 4-1થી જીત મેળવી હતી, પરંતુ આ જીતની કોઈ ઉજવણી થઈ ન હતી કારણ કે બીજા સ્થાને રહેલા મોનાકોએ સાંજે પછીથી લીલીને 1-0થી હરાવ્યું હતું.

સ્ટેન્ડિંગમાં ટોચ પર 11 પોઈન્ટ છે અને ચાર મેચ બાકી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન પીએસજી શનિવારે લે હાવરે સામે ઘરઆંગણે રમાનારી મેચમાં તેનું વિક્રમી 12મું ફ્રેન્ચ લીગ ટાઇટલ જીતી શકે છે. પીએસજી ક્લબ સાથે એમ્બાપ્પેની અંતિમ સિઝનમાં ટ્રોફીના ટ્રેબલ માટે કોર્સ પર છે, કારણ કે તેઓ ચેમ્પિયન્સ લીગ સેમિફાઇનલમાં બોરુસિયા ડોર્ટમન્ડ સામે રમશે અને આવતા મહિને ફ્રેન્ચ કપની ફાઇનલમાં લિયોનનો સામનો કરશે.

બ્રુનો ફર્નાન્ડિસના બે ગોલની મદદથી માન્ચેસ્ટર યુનાઈટેડ શેફિલ્ડને 4-2થી હરાવ્યું

પ્રથમ હાફમાં 1-0થી અને બીજા હાફની શરૂઆતે 2-1થી પાછળ રહ્યા પછી બ્રુનો ફર્નાન્ડીસના બે ગોલે માન્ચેસ્ટર યુનાઇટેડને જીતાડ્યું

માન્ચેસ્ટર, તા. 25 (એપી) : પ્રીમિયર લીગ ફૂટબોલમાં બ્રુનો ફર્નાન્ડિસના બે ગોલની મદદથી માન્ચેસ્ટર યુનાઇટેડે બુધવારે શેફિલ્ડ યુનાઇટેડ સામે 4-2થી નર્વસ જીત મેળવી હતી. એરિક ટેન હેગની ટીમ એક સમયે છેલ્લા ક્રમની શેફિલ્ડ સામે 1-0 અને 2-1થી પાછળ હતી, પણ અચાનક આ મેચ જીતીને તેઓપોઇન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને પહોંચ્યા હતા. બીજા હાફમાં ફર્નાન્ડિસ મુશ્કેલીમાં મુકાયેલા તેમના મેનેજરની મદદ માટે આવ્યો તે પહેલા ટેન હેગની ટીમ ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે પ્રીમિયર લીગની નીચેની ક્લબ સામે બે વાર પાછળ રહી હતી. જેડેન બોગલે બ્લેડને આગળ કરીને હાફ ટાઈમ પહેલા હેરી મેગુઈરે બરાબરી કરી હોવા છતાં, ડિયાઝે ઈન્ટરવલ પછી તરત જ ગોલ કરીને મુલાકાતીઓની સરસાઇ પુનઃસ્થાપિત કરી હતી.

એવર્ટન સામે 2-0થી હાર મળતા લિવરપૂલની પ્રીમિયર લીગ ટાઈટલની આશાને ફટકો

લિવરપૂલ, તા. 25 (એપી) : બુધવારે અહીં એવર્ટન ખાતે 2-0થી હાર્યા બાદ લિવરપૂલની પ્રીમિયર લીગ ટાઇટલ બિડને મોટો ફટકો પડવાની સાથે જુર્ગેન ક્લોપને ડ્રીમ વિદાય આપવાની આશાઓ તૂટી ગઈ હતી. ગુડિસન પાર્ક ખાતે જેરાડ બ્રાન્થવેટ અને ડોમિનિક કાલવર્ટ-લેવિનના ગોલને પગલે ક્લોપે સિઝનના અંતમાં કડવી હારનો સ્વાદ ચાખ્યો હતો. આ હાર લિવરપૂલને લીગ લીડર આર્સેનલથી બીજા સ્થાને ત્રણ પોઈન્ટ પાછળ મૂકી ગઈ છે.

આજે પંજાબ કિંગ્સ સામે કેકેઆરના બોલરો પર નજર રહેશે

કેકેઆરની બોલિંગની નબળાઇ છતાં તે પોતાના બેટ્સમેનોના જોરે સફળતા મેળવીને પોઇન્ટ ટેબલમાં બીજા ક્રમે છે

સાંજે 7.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો સિનેમા પર

કોલકાતા, તા. 25 (પીટીઆઇ) : આઇપીએલમાં આવતીકાલે શુક્રવારે અહીં રમાનારી મેચમાં ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા પંજાબ કિંગ્સ સામે જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) મેદાને ઉતરશે ત્યારે તેના બોલરો, ખાસ કરીને આઇપીએલમાં સૌથી મોંઘા ખરીદાયેલા મિશેલ સ્ટાર્ક પર દબાણ હશે. કેકેઆર હાલમાં દસ પોઈન્ટ સાથે પોઇન્ટ ટેબલમાં બીજા ક્રમે છે જ્યારે રાજસ્થાન રોયલ્સ 14 પોઈન્ટ સાથે ટોપ પર છે.

કેકેઆરે તેના ટોપ ઓર્ડર બેટ્સમેનોના દમ પર અત્યાર સુધી સફળતા હાંસલ કરી છે. હવે તેની પાસે પંજાબ કિંગ્સના રૂપમાં એક નબળો પ્રતિસ્પર્ધી છે, જે શશાંક સિંહ અને આશુતોષ શર્માના શાનદાર પ્રદર્શન છતાં સારું જમાવટ કરી શક્યું નથી. પંજાબ પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર થઈ ગયું છે. કેકેઆર માટે, સુનીલ નારાયણ અને ફિલ સોલ્ટે ટોચ પર શાનદાર પ્રદર્શન કર્યું છે. આન્દ્રે રસેલ અને કેપ્ટન શ્રેયસ અય્યરે પણ રન બનાવ્યા છે. રિંકુ સિંહે ટૂર્નામેન્ટમાં સાત મેચમાં માત્ર 67 બોલ રમ્યા છે અને લગભગ 160 રન બનાવ્યા છે.

અય્યર સિવાય તમામ નિષ્ણાત બેટ્સમેનોએ 150થી વધુની સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે, જેના કારણે શાહરૂખની ટીમ સાત મેચમાં ચાર વખત 200થી વધુ રન બનાવી શકી છે. વેંકટેશ ઐયર એકમાત્ર એવો બેટ્સમેન છે જે ખરાબ ફોર્મમાં છે, જ્યારે નીતીશ રાણાની આંગળીમાં ફ્રેક્ચરને કારણે તેની ગેરહાજરીને કારણે ટીમમાં માસ્ટર સ્પિન બેટ્સમેન અને ઉપયોગી ઓફ-બ્રેક બોલરનો અભાવ છે.

અર્જુન બબુતાએ ઓલિમ્પિક સિલેક્શન ટ્રાયલ્સમાં એર રાઈફલના વર્લ્ડ રેકોર્ડને પાછળ મૂક્યો

નવી દિલ્હી, તા. 25 : ભારતીય શૂટર અર્જુન બાબુતાએ ગુરુવારે અહીં રાઇફલ અને પિસ્તોલ માટે કરણી સિંહ રેન્જમાં ચાલી રહેલા ઓલિમ્પિક્સ પસંદગી ટ્રાયલ વન અને ટુમાં પુરૂષોની 10 મીટર એર રાઇફલમાં વર્તમાન ફાઇનલ વર્લ્ડ રેકોર્ડ (FWR) થી બહેતર પ્રદર્શન કરીને જીત મેળવી હતી. પેરિસ ઓલિમ્પિક્સ ક્વોટા હોલ્ડર 25 વર્ષીય બાબુતાએ T1 ટ્રાયલ ફાઇનલમાં 254.0 પોઈન્ટ સાથે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેનો સ્કોર આ વર્ષની શરૂઆતમાં કૈરો વર્લ્ડકપમાં ભારતીય ટીમના સાથી દિવ્યાંશ સિંહ પંવારના રેકોર્ડ કરતાં 0.3 વધુ હતો.

મહિલાની 10 મીટર એર રાઇફલમાં નેન્સી, પુરુષોની 100 મીટર એર પિસ્તોલમાં વરુણ તોમર અને મહિલાની 10 મીટર એર પિસ્તોલમાં રિધમ સંગવાન પણ પોતપોતાની T1 ટ્રાયલની ફાઇનલ જીતી હતી.

પાકિસ્તાની મહિલા ટીમની માજી કેપ્ટન બિસ્માહ મારુફે ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહ્યું

2022ના મહિલા વર્લ્ડકપમાં પોતાની નાનકડી પુત્રીને સાથે લઇને ન્યૂઝીલેન્ડ ગયેલી બિસ્માહ ન્યૂઝ હેડલાઇન્સમાં ચમકી હતી

ચાર વન ડે અને 8 ટી-20 વર્લ્ડકપ રમીને ત્રણમાં ટીમનું સુકાન સંભાળનારી બિસ્માહે કુલ 6262 ઇન્ટરનેશનલ રન કર્યા છે

બિસ્માહ મારૂફની ક્રિકેટ કેરિયર પર એક નજર

ફોર્મેટ	મેચ	રન	સર્વોચ્ચ	એવરેજ	50
વન ડે	136	3369	99	29.55	21
ટી-20	140	2893	70*	27.55	12

બોલિંગ

ફોર્મેટ	મેચ	વિકેટ	શ્રેષ્ઠ	ઇકોનોમી
વન ડે	136	44	4/7	4.00
ટી-20	140	36	3/21	5.62

કરાચી, તા. 25 (પીટીઆઇ) : પાકિસ્તાનની લોકપ્રિય મહિલા ક્રિકેટર અને માજી કેપ્ટન બિસ્માહ મારૂફે એક આશ્ચર્યજનક નિર્ણય લઇને ગુરુવારે તાત્કાલિક અસરથી ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. 32 વર્ષીય બિસ્માહે 2020માં ફિટનેસના કારણોસર અને 2021માં દીકરીના જન્મ પછી ક્રિકેટમાંથી લાંબો બ્રેક લીધો હતો. તે પછી ન્યૂઝીલેન્ડમાં રમયેલા 2022ના વર્લ્ડકપમાં પોતાની પુત્રીને સાથે લઈ ગયેલી બિસ્માહે હેડલાઈન્સ બનાવી હતી. તે પાકિસ્તાનની પ્રથમ મહિલા ક્રિકેટર હતી જેને પગાર સાથે 12 મહિનાની પ્રસૂતિ રજા મળી હતી.

ડાબોડી બેટર બિસ્માહે 2006માં ભારત સામે વનડેમાં અને 2009માં આયર્લેન્ડ સામે ટી20માં ડેબ્યૂ કર્યું હતું. પાકિસ્તાન માટે વન ડે અને ટી-20 મળીને તેણે કુલ 276 ઈન્ટરનેશનલ મેચ રમી હતી. જેમાં તેણે 33 અડધી સદી સહિત 6262 આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા છે અને લેગ સ્પિન બોલિંગ વડે કુલ 80 વિકેટ લીધી. બિસ્માહે એક નિવેદનમાં કહ્યું હતું કે હું એ રમતને વિદાય આપી રહી છું જે મને સૌથી વધુ પસંદ છે. તે ઘણા પડકારો, વિજયો અને યાદગાર ક્ષણો સાથેની અદ્દભૂત યાત્રા રહી છે. તેણે કહ્યું હતું કે હું મારા પરિવારનો આભાર માનવા માંગુ છું જેમણે મને આ પ્રવાસ દરમિયાન સાથ આપ્યો. આ સિવાય હું પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનો પણ આભાર માનીશ. બિસ્માહે 2009, 2013, 2017 અને 2022 મળીને 50-ઓવરના ચાર વન ડે વર્લ્ડકપ રમ્યા હતા અને 2022માં ટીમની કેપ્ટન પણ રહી હતી, આ ઉપરાંત તેણે 2009 અને 2023 ની વચ્ચે ટી-20 ક્રિકેટમાં આઠ વર્લ્ડકપ રમ્યા હતા અને 2020 અને 2023માં ટીમની કેપ્ટન રહી હતી.

સુડોકુ ૪૭૯૫

૩		૭		૪				
	૨			૮	૭			
		૬		૧	૩	૭		
		૫		૯	૬		૩	૧
૭	૩		૧	૫		૯		
	૧		૩	૨		૫		૭
	૫			૭	૯			૪
	૬	૪	૫	૩	૨			
	૭		૪					૯

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કેસૂડાં - ગુલકંદ રીત

કેસુડાના ફૂલ ભેગાં કરી ફક્ત પાંખડીઓ છૂટી કરિલો. વજ ખરેખર કઠણ હોઈ ચઢતું નથી. પાંખડીઓ સારીરીતે ધોઈ કાઢી, એના વજનથી દોઢ ગણી ખાંડ ભેળવી, કૂકર માં વરાળથી 30 મિનિટ બાફી લો.

બહાર કાઢી એક કઢાઈમાં ફરી ધીમા તાપે રાંધવું. ફેરવતા રહેવું. ચાસણી આવે એટલે ઉતારી, ઠંડુ પડી બરણીમાં ભરી લો. બે ટુકડા તજ નાંખી શકો. ફ્રીઝ માં રાખવું. રોજ 20 ગ્રામ ખાઈ શકાય. જરા અવસ્થામાં વૃદ્ધ મિત્ર અને અન્યોની રોગ પ્રતિકાર શક્તિ વધારનાર છે.

શબ્દગુંફન - ૬૬૪૯

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. કવિતા, કાવ્ય (૩)
૩. ખાલી જગ્યા (૪)
૬. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૭. જંગલ (૨)
૮. છેવટનું (૩)
૧૦. દૂધ દેતું એક ચોપગું પ્રાણી (૨)
૧૧. ચળકતું, જાહેર (૩)
૧૨. લગાર (૨)
૧૩. શ્વાસ (૨)
૧૫. ઝેર, વિષ (૨)
૧૬. તંતુ, દોર (૨)
૧૭. ઠગારું, લુચ્ચું (૨)
૧૮. સૂરજ (૨)
૨૦. ચિંતન (૩)
૨૨. પળ, ક્ષણ (૨)
૨૩. ભાઇના પિતા (૨)
૨૬. હાથ, વેરો (૨)
૨૮. બ્રહ્માના એક માનસપુત્ર (૩)
૨૯. સલાહ (૪)
30. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (૩)
૩૨. પવન (૨)
33. દુઃખ, પીડા (૨)
૩૪. મંદ સ્મિત (૪)

ઊભી ચાવી

૧. બખતર, તાવીજ (૩)
૨. પોચું, કઠણ નહિ એવું (૩)
૩. શોખીન, મસ્ત (૪)
૪. એક સૂકો મેવો (૨)
૫. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૭. તાબે, આધીન (૨)
૯. સુંદર સ્ત્રી (૨)
૧૧. શરીર ઉપરના વાળ (૨)
૧૨. શારીરિક ઇજા, ઘા (૩)
૧૩. કિંમત, મૂલ્ય (૨)
૧૪. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૬. આલાપ, ધૂન (૨)
૧૭. દુનિયા, માણસજાત (૩)
૧૯. ફેરફાર (૩)
૨૧. પગથી માથા સુધી (૪)
૨૪. કીચડ (૩)
૨૫. સરખા વજનવાળું (૪)
૨૭. ખેલ (૩)
૨૮. આગેવાન, સરદાર (૩)
૩૧. નસ, વળણ (૨)
૩૨. રસ્તો, માર્ગ (૨)

આજનું પંચાંગ

તા. 26/04/2024, શુક્રવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** ચૈત્ર
તિથિઃ વદ બીજ 7.47 પછી ત્રીજ
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ : 06
નક્ષત્ર : અનુરાધા 27.40 પછી જન્મેલાની જયેષ્ઠાની શાંતિ કરાવવી
યોગઃ વરિયાન **કરણ :** વણિજ
રાશિ : વૃશ્ચિક (ન.ય.) **દિવસ :** શુભ
સુરતમાં સૂર્યોદય : 06:13 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:00
નવકારસી : 07:01
પારસી વર્ષ : 1393, આદર માસનો 15 મો રોજ
મુસલમાન વર્ષ : 1445, શવ્વાલ માસનો 16 મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે 10:30 થી 12:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): કાયદાકીય મદદ મળે. અચાનક નવી તક મળે. અટકેલાં કામ પાર પડશે. તંત્ર-મંત્ર, પૂજા પાઠમાં મનને શાંતિ મળે.

વૃષભ (બ.વ.ઉ.): સામાજિક સમસ્યાનું નિરાકરણ આવે. નવી યોજના બને. કુટુંબમાં ઉત્સાહજનક વાતાવરણ પેદા થાય.

મિથુન (ક.છ.ઘ.): નોકરીમાં જવાબદારી વધશે. આળસના કારણે વિઘ્નો આવે. આરોગ્ય સામાન્ય રહે.

કર્ક (ડ.હ.): વડીલોનો સાથ સામાજિક તેમજ કાયદા કાનૂનમાં મળે. બહારનાં કામમાં મદદ મળે.

સિંહ (મ.ટ.): અટકેલાં કામ પાર પડશે. મિત્રો સંબંધીઓને મદદરૂપ બનશો. નવાં કામ પાર પડશે.

કન્યા (પ.ઠ.ણ.): રચનાત્મક કાર્ય પાર પડશે. મિત્રો સંબંધીઓને મદદરૂપ બનશો. નવાં કામ પાર પડશે.

તુલા (ર.ત.): જીવનસાથીનો સાથ મળે. કોઇ ભેટ ઇનામ મળી શકે છે. ખાણીપીણીના ધંધામાં લાભ થાય.

વૃશ્ચિક (ન.ય.): સાહસિક બનશો. નવા ક્રાંતિકારી વિચારોથી યશ મળે. નવાં કામ પાર પડે. આર્થિક લાભ થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.): પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. કોર્ટ, કચેરીમાં અનુકૂળતા રહે. પ્રવાસનાં કામ પાર પડશે.

મકર (ખ.જ.): પરિવાર, મિત્રો સાથે મનોરંજન થાય. અચાનક આર્થિક લાભની યોજના પાર પડે.

કુંભ (ગ.સ.શ.ષ.): વિદેશ પ્રવાસના કામમાં કાયદાકીય મદદ મળે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે.

મીન (દ.ચ.ઝ.થ.): લેખન, પ્રકાશન, મુદ્રણને લગતા કામમાં ભાગ્યનો સાથ મળે. શુભ સમાચાર મળે.

કોઇ પણ સાલમાં 26 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષવાળું રહેશે. આરોગ્ય બાબતે ખાસ ધ્યાન રાખવુ પડશે. નોકરિયાત વર્ગની કસોટી વધશે. જવાબદારી, નવા ફેરફાર અને બદલી જેવા કામથી દોડધામ અને બોજ વધશે. નવા ધંધા-વ્યવસાયમાં ઘર્ષણનો અનુભવ વધે. નવી ટેકનોલોજીથી રાહત થાય. મિત્રો-વડીલો, સંતાનોના કામમાં મદદરૂપ બનશો. ઉઘરાણી અટકે. આર્થિક બાબતે સામાન્ય રહેશે. નવા રોકાણમાં ધીરજ રાખવી પડશે. વારસા, જાયદાદ, જમીન, સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. વર્ષના મધ્યમાં નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકૂળતા થાય. વિદેશમાં વિદ્યાભ્યાસના કામમાં કાયદાકીય ગૂંચ સતાવે. સમાજમાં અશાંતિ પેદા થાય. ઉમરલાયકના વિવાહમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવી આર્થિક પ્રગતિ માટેની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડી શકે છે. ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં નવી તકથી આર્થિક પ્રગતિ થાય. માર્ચ-એપ્રિલમાં અશાંતિ અને કામનો બોજ વધશે.